## (એ) કંપનીમાં સભ્યપદ મેળવવા માટેની મુખ્ય શરતો :

૧ દૂધ ઉત્પાદન સાથે સંકળાયેલ એવી વ્યકિત કે જેઓ ગાય અથવા ગાયો અને ભેંસ અથવા ભેંસોની સંભાળ તેમજ વ્યવસ્થાપનની કામગીરી માટે જવાબદાર છે.

૨ કોઇપણ વ્યકિતનું વ્યકિતગત ધંધાકીય હિત કંપનીના ધંધા સાથે સંઘર્ષ કરતું હોય તે કંપનીનો સભ્ય બની શકશે નહી. આ ઉપરાંત, સભ્યપદની નોંધણીની દરખાસ્ત કર્યાના આગળના બે નાણાંકીય વર્ષ દરમિયાન અરજદારે સતત છ મહિના કે તેથી વધુ સમય માટે કંપનીમાં ઓન રોલ કે ઓફ રોલ અથવા તો કરાર આધારિત રોજગારી મેળવેલ હશે તો પણ તે કંપનીમાં સભ્યપદ મેળવી શકશે નહી.

૩ દૂધ ઉત્પાદક પરિવારની ૧૮ વર્ષ કે તેથી વધુ ઉંમર ધરાવતી એક વ્યકિત પરિવાર દીઠ સભ્યપદ મેળવવા લાયકાત ધરાવે છે.

૪ કંપનીના સભ્ય બનવા ઇચ્છુક દૂધ ઉત્પાદકે કંપની દ્વારા નિયત કરેલ માધ્યમથી અરજી ફોર્મ ભરી અરજી કરવાની રહેશે અને મેમોરેન્ડમ તથા કંપનીના આર્ટિકલ્સ ઓફ એસોસિએશનની જોગવાઇઓનું પાલન કરવાની લેખિતમાં બાહેધરી આપવાની રહેશે. આ ઉપરાંત, જો પુરૂષ સભ્ય હોય તો રૂ. ૧૦૦/- અને મહિલા સભ્ય હોય તો રૂ.૫૦/- નોન રીફંડેબલ પ્રવેશ ફી પેટે તેમજ રૂ. ૧૫૦/- (પ્રતિ શેર રૂ.૫૦/-ના પ્રીમિયમ સાથે)નો એક એવા ઓછામાં ઓછા પાંચ ઇકિવટી શેર ખરીદવાના રહેશે.

૫ કંપનીએ નિર્ધારિત કરેલ માર્ગદર્શિકા અનુસાર ઉચ્ચ ગુણવત્તાવાળું દૂધ નિયમિત કંપનીમાં ભરાવવાનું રહેશે.

૬ કંપનીના સભ્ય બન્યા બાદ પોતાના સિવાય બીજા બિન સભ્ય કે અન્ય દૂધ ઉત્પાદકોનું દૂધ કંપનીમાં ભરી શકશે નહી.

૭ બોર્ડ દ્વારા જે તારીખે સભ્યપદ મંજૂર કરવામાં આવે તે તારીખથી સભ્યપદ અમલમાં આવશે.

૮ બોર્ડ દ્વારા સમયાંતરે નિર્ધારિત કરવામાં આવતી અન્ય તમામ શરતોનું પાલન કરવાનું રહેશે.

૯ કંપનીના સભ્ય થવા ઇચ્છુક દૂધ ઉત્પાદકે તેનું/તેના નામનું બેંકમાં બચતખાતું હોવું જરૂરી છે. અરજદારે અરજી – પત્રક સાથે બેંક પાસબુક, અરજદારનું ફોટા વાળુ ઓળખપત્ર તેમજ રહેઠાણ પુરવાની નકલો આપવી ફરજીયાત છે.

૧૦ જે દૂધ ઉત્પાદકે અગાઉ કંપનીનું સભ્યપદ મેળવેલ હોય પરંતુ કોઇ કારણસર તેણે તેના શેર્સની પરત સોપણી કરેલ હોય તો તેના/તેણીના ઘરમાંથી કોઇ પણ વ્યક્તિ કંપનીના સભ્યપદ માટે **૦૨ (બે)** વર્ષ સુધી અરજી કરી શકશે નહી. તેજ પ્રમાણે કોઇ દૂધ ઉત્પાદકનું સભ્યપદ કંપનીએ કોઇ કારણસર રદ કરેલ હોય તો તેના/તેણીના ઘરમાંથી કોઇ પણ વ્યક્તિ **૦૪ (ચાર)** વર્ષ સુધી અરજી કરી શકશે નહી.

૧૧ પ્રત્યેક સભ્યનું પેટ્રોનેજ (ભાગીદારી) પ્રમાણે કંપનીની શેર મૂડીમાં રોકાણ હોવું કાયદાકીય રીતે આવશ્યક હોઇ, જ્યારે જ્યારે સભ્ય દ્વારા કંપનીને પૂરા પાડવામાં આવેલ દૂધની માત્રા સભ્ય દ્વારા કરવામાં આવેલ શેર મૂડીનાં રોકાણ કરતાં વધારે થશે ત્યારે ત્યારે કંપની રૂા. ૧.૫૦/- પ્રતિ લિટર (રૂા.૧/- શેર મૂડી પેટે તથા રૂા.૦.૫૦ શેર પ્રીમિયમ પેટે કે નિયામક મંડળ દ્વારા સમયે સમયે ઠરાવવામાં આવે તે રકમ) પ્રમાણે થતી આવી વધારાની શેર મૂડીની રકમ સભ્યના દૂધ બીલમાંથી કપાત કરશે અને તદ્અનુસાર નિયામક મંડળની મંજૂરીથી શેર પ્રમાણપત્ર જારી કરશે. આ માટે સભ્ય અરજી-પત્રકમાં સંપૂર્ણપણે કંપનીને સંમતી આપી અધિકૃત કરશે, જે સંમતી સભ્યનું સભ્ય પદ ચાલું રહે ત્યાં સુધી સંપૂર્ણ રીતે માન્ય અને અમલી રહેશે.આ સંમતીનાં અનુસંધાનમાં કંપની દ્વારા સમયે સમયે સભ્યને જારી કરાયેલ ઇક્વીટી શેર્સ તેઓ કંપનીના સભ્ય તરીકે - કંપનીઝ એકટ,૨૦૧૩ની સબંધિત સુધારા અથવા પુનઃ રચના સાથે,જો અને જેટલી લાગુ પડતી હોય તો તે, *તથા કંપનીનાં મેમોરેન્ડમ*

*તેમજ આર્ટિકલ્સ ઓફ એસોસિએશનની લાગુ પડતી જોગવાઇઓ અનુસાર તેમજ નિયામક મંડળ/સાધારણ સભા દ્વારા સમયે સમયે ઘડાયેલ પેટ્રોનેજ (ભાગીદારી) અને કંપનીનું સભ્યપદ ચાલુ રાખવાના જરૂરી નિયમો અને શરતોને અનુરૂપ* – ધારણ કરશે.

*૧૨* કંપનીના નિયામક મંડળ દ્વારા સફળ અરજીકર્તાઓને કંપનીનું સભ્યપદ ફાળવવામાં આવશે. અરજીકર્તાને કંપનીના સભ્યપદની ફાળવણી કરવી કે ન કરવી અથવા સભ્યપદ આપવાનો ઇન્કાર કરવાની સર્વ સતા નિયામક મંડળ પાસે છે અને આ સંદર્ભમાં નિયામક મંડળનો નિર્ણય આખરી ગણાશે જે દરેક અરજીકર્તાને બંધન કર્તા રહેશે તથા આ બાબતે કોઇ પણ પ્રકારની તકરાર અથવા દલીલ ગ્રાહ્ય રાખવામાં આવશે નહી.

## (બી) કંપનીમાં સભ્યપદ ચાલુ રાખવાની શરતો :

૧ જ્યા સુધી સભ્ય નીચેના માપદંડોને પૂર્ણ કરે છે ત્યાં સુધી તેનું સભ્યપદ ચાલુ રહેશે :

(એ) સભ્ય તેની માલિકીના દુધાળા પશુઓના દૂધ ઉત્પાદન સાથે સંકળાયેલ હોય અને ગાય તથા ભેંસોની સંભાળ તેમજ વ્યવસ્થાપન માટે જવાબદાર હોવા જોઇએ. આ ઉપરાંત, કંપનીની કામગીરી માટે હાનિકારક હોય તેમજ કંપનીના હિતની વિરુધ્ધ હોય તેવા કોઇ કૃત્યમાં સામેલ ન હોવો જોઇએ.

(બી) સભ્યએ પાછલા નાણાંકીય વર્ષ દરમિયાન ઓછામાં ઓછા ૨૦૦ દિવસો માટે ઓછામાં ઓછું ૫૦૦ લિટર દૂધ ભરાવવાનું રહેશે.

(સી) સભ્યએ તેના દ્વારા કંપનીને પૂરા પાડવામાં આવેલા દૂધના વાર્ષિક જથ્થાના પ્રમાણમાં શેર માટે સબસ્ક્રાઇબ કરવાનું રહેશે.

(ડી) નાણાંકીય વર્ષમાં શિયાળાની ઋતુ દરમિયાન એટલેકે નવેમ્બરથી ફેબ્રુઆરીમાં સભ્યએ કંપનીને પૂરા પાડેલ દૂધના કુલ જથ્થાનું પ્રમાણ ઉનાળાની ઋતુ દરમિયાન એટલેકે એપ્રિલથી જુલાઇ દરમિયાન પૂરા પાડવામાં આવેલ દૂધના જથ્થાના ત્રણ ગણાથી વધારે ન હોવું જોઇએ.

(ઇ) સભ્ય દ્વારા પૂરું પાડવામાં આવેલ દૂધ કંપની દ્વારા નિર્ધારિત કરવામાં આવેલી ગુણવત્તાના તમામ ધોરણોને પૂર્ણ કરતા હોવા જોઇએ.

(એફ) બોર્ડ દ્વારા સમયાંતરે નિર્ધારિત કરવામાં આવતી અન્ય શરતોનું પણ પાલન કરતા હોવા જોઇએ.

## (સી) સભ્યોને વિવિધ વર્ગમાં વર્ગીકૃત કરવાના માપદંડ :

| ક્રમ નં | માપદંડ | વર્ગ - અ | વર્ગ - બ | વર્ગ - ક |
|---|---|---|---|---|
| ૧ | પાછલા નાણાંકીય વર્ષમાં કંપની ને દૂધનો પુરવઠો પુરો પાડવાના કુલ દિવસો | ૩૩૦ અને તેથી વધુ દિવસો | ૨૭૦ અને તેથી વધુ દિવસો | ૨૦૦ અને તેથી વધુ દિવસો |
| ૨ | પાછલા નાણાંકીય વર્ષમાં કંપની ને વાર્ષિક દૂધનો જથ્થો પુરો પાડેલ હોય તે (લીટર માં) | ૧૦૦૦૦ અને તેથી વધુ | ૪૦૦૦ અને તેથી વધુ | ૫૦૦ અને તેથી વધુ |
| ૩ | કંપનીના ઓછામા ઓછા ધારણ કરવાના લઘુતમ શેરની સંખ્યા | ૧૦૦ શેર રૂ.૧૫૦/-નો એક એવા (રૂ.૧૦૦/- પ્રતિ શેર મૂડી પેટે તથા રૂ.૫૦ પ્રતિ શેર પ્રિમીયમ પેટે) | ૪૦ શેર રૂ.૧૫૦/-નો એક એવા (રૂ.૧૦૦/- પ્રતિ શેર મૂડી પેટે તથા રૂ.૫૦ પ્રતિ શેર પ્રિમીયમ પેટે) | ૫ શેર રૂ.૧૫૦/-નો એક એવા (રૂ.૧૦૦/- પ્રતિ શેર મૂડી પેટે તથા રૂ.૫૦ પ્રતિ શેર પ્રિમીયમ પેટે) |
| ૪ | પાછલા નાણાકીય વર્ષમાં ફલશ માસના નવેમ્બરથી ફેબ્રુઆરી દરમ્યાન પુરા પાડેલ દૂધનો જથ્થો અને તે લીન માસના એપ્રિલ થી જુલાઇ દરમ્યાન પુરો પાડેલ દૂધનો જથ્થો | ફલશ થી લીન ગુણોત્તર પ્રમાણ ૩.૦ થી અધિક નહી | ફલશ થી લીન ગુણોત્તર પ્રમાણ ૩.૦ થી અધિક નહી | ફલશ થી લીન ગુણોત્તર પ્રમાણ ૩.૦ થી અધિક નહી |

નોંધ : સભ્ય દ્વારા વાસ્તવિક ધારણ કરવામાં આવેલ શેર અથવા વાસ્તવમાં પૂરો પાડવામાં આવેલ દૂધનો જથ્થો - બે માંથી જે ઓછુ હોય તેના આધારે સભ્યના વર્ગનું વર્ગીકરણ કરવામાં આવશે.

ભાગીદારી (પેટ્રોનેજ) ની ગણતરીના હેતુ માટે નીચે મુજબની વિચારણા કરાશે :

૧ જે સભ્યો પાછલા નાણાંકીય વર્ષ દરમિયાન દાખલ થયેલ હોય અને તેઓએ તેમના સભ્યપદના ૩૬૫ દિવસ પૂરા કરેલ ન હોય પરંતુ તેમની પસંદગીના વર્ગ પ્રમાણે ન્યૂનતમ જરૂરી શેરો ધારણ કરેલ હોય તો તેઓ તે વર્ગના છે તેમ ગણાશે.

૨ કોઇપણ સભ્ય જે વર્ગ “અ” અથવા વર્ગ “બ” ના માપદંડ ધરાવતા ન હોય તો તેવા સભ્યને નીચેના વર્ગમાં એટલે કે વર્ગ “બ” અથવા વર્ગ “ક” માં તેમણે જે માટેના માપદંડો પૂર્ણ કરેલ છે તેના આધાર પર જશે.

૩ એવા સભ્યો કે જેમણે વર્ગ “ક” માટે પણ માપદંડોની પૂર્તિ કરતા ન હોય તેવા સભ્યોનું સભ્યપદ રદ કરવા કંપનીના આર્ટિકલ્સ ઓફ એસોસિએશનના આર્ટિકલ ૪.૩ અને આર્ટિકલ ૮ સાથે વાંચતા તેની જોગવાઇઓ મુજબ નોટિસ આપવામાં આવશે.